ડી.ટી.પી.માં દર્શાવવામાં આવતા સ્ટાર રેટમાં ટેક્ષ સહિતના ભાવો લેવા બાબત તથા ચોમાસામાં મજૂરોની અછતને કારણે કામની સમયમર્યાદા વધારવા બાબત.

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
સચિવાલયગાંધીનગર
પરિપત્ર ક્રમાંકઃ વીઆરઆર-૨૦૧૮-ઉ.સ.-૧-૨૨-ડી.૨/સ
તા. ૧૮/૫/૨૦૨૦

વંચાણે લીધાઃ

(૧) મા.મ.વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ એસટીઆર/૧૦૯૭/૮૨/હ,
તા. ૨૧-૧૧-૧૯૯૮

(૨) મા.મ.વિભાગનો પત્ર ક્રમાંકઃ પરચ/૧૦૯૩-યુઓ-૫૩-૪૦-સ ,
તા.૧૬-૬-૨૦૦૧

(૩) મા.મ.વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી/૧૦૮૯-(૪)/સ,
તા. ૨૧-૧૦-૨૦૦૫

(૪) મા.મ.વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ એસટીઆર/૧૦૨૦૦૧/મં-૩૪/૨૯/હ,
તા. ૨-૨-૨૦૦૭

(૫) મા.મ.વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ એસટીઆર/૧૦૨૦૦૬/૧૫૭૭/૮/હ,
તા. ૮-૧૨-૨૦૧૮

(૬) મા.મ.વિભાગનો ઠરાવ ક્રમાંકઃપી.ડી.ડબલ્યુ/૧૦૨૦૦૭/૧ (ભાગ-૧)/સ, તા.૧૨-૭-૨૦૧૧

(૭) મુખ્ય ઇજનેર(પંચાયત) અને અધિક સચિવશ્રી તથા નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજયની તા. ૨૮-૮-૧૯ની મીટીંગની ચર્ચા નોંધ.

<u>પ્રસ્તાવનાઃ</u>

પંચાયતી રાજ સમિતિના ત્રીજા અહેવાલમાં (તેરમી ગુજરાત વિધાનસભા) દર્શાવેલ બાબતો અંગે માર્ગ અને મકાન વિભાગને પરિપત્ર બહાર પાડવા ભલામણ કરેલ હતી.

(૧) ચોમાસામાં મજૂરોની અછત રહેતી હોય કામોની સમયમર્યાદામાં વધારો કરવા બાબત.

Scanned with CamScanner

(૨) ટેન્ડરમાં સ્ટાર રેટ દર્શાવવા અને ડામરનાં ભાવ તફાવતનાં ચુકવવાની પધ્ધતિ બાબત

સમિતિની તપાસ વખતે વિભાગના સચિવશ્રીએ લોકલ ફંડના એકઝામીનર તેમજ વિભાગના મુખ્ય ઇજનેર સાથે બેસીને ઓડિટનું શું કહેવું છે અને વિભાગની શું સ્પષ્ટતા છે તે અંગે પરામર્શ કરીને સુધારા સાથે સરકયુલર પ્રસિધ્ધ કરવા જણાવ્યું હતું આ બાબતે જરૂરી કાર્યવાહી કરી, સુધારેલો સરકયુલર બહાર પાડી સમિતિને જાણ કરવા પંચાયતી રાજ સમિતિએ ભલામણ કરેલ હતી.

<u>પરિપત્રઃ</u>

માર્ગ અને માકાન વિભાગનાં પરિપત્રોની ઉપરોક્ત બાબતે આપેલ સુચનાઓ અન્વયે કરવાની થતી કાર્યવાહી અંગે નીચે મુજબની સુચનાઓ આથી પ્રસારિત કરવામાં આવે છે.

(૧) ચોમાસામાં મજૂરોની અછત રહેતી હોય કામોની સમયમર્યાદામાં વધારો કરવા બાબત.

સામાન્યતઃ મકાનોનું બાંધકામ ચોમાસા દરમિયાન ચાલુ રહેતું હોય છે. રસ્તાને પહોળો કરવાનાં કામો પણ ચોમાસામાં ચાલતા હોય છે. પૂલના કામોમાં ચોમસા પહેલાં કામ સલામત તબક્કે લાવવાનું હોય છે. ડામરકામ કરવાનું હોય તેવા રસ્તાના કામો માટે તેમજ અન્ય કામો માટે વિભાગના સત્તા સોંપણીના ઠરાવ ક્રમાંકઃ બીડીડબલ્યુ/ ૧૦૨૦૦૭/૧(ભાગ-૧)/સ તા.૧૨-૭-૨૦૧૧ પ્રમાણે સક્ષમ કક્ષાએ કામની વિગતો ધ્યાને સમય મર્યાદામંજુર કરવાની સત્તા આપવામાં આવેલ છે. તે અનુસાર ચોમાસા દરમિયાન મજુરો ઉપલબ્ધ ન હોય તો જેતે કામ માટે ગુણદોષના આધારે સક્ષમ કક્ષાએ અધિકારીશ્રીઓએ નિર્ણય કરવાનો રહે છે.

(૨) ટેન્ડરમાં સ્ટાર રેટ દર્શાવવા અને ડામરનાં ભાવ તફાવતનાં નાણાં ચુકવવાની પધ્ધતિ બાબત

માર્ગ અને મકાન વિભાગના એસ.ઓ.આર.માં તમામ મટીરીયલના ભાવો પ્રવર્તમાન ટેક્ષ સાથેના ભાવો લેવામાં આવે છે. અંદાજ બનાવતી વખતે ડામરનાં રીફાઇનરીનાં પ્રવર્તમાન ટેક્ષ સાથેનાંજ ભાવો અંદાજમાં લેવામાં આવે છે. સંદર્ભમાં દર્શાવેલ પરિપત્રોમાં પણ સ્ટાર રેટ માટે ડી.ટી.પી. મંજૂર કર્યાના માસના પ્રવર્તમાન ટેક્ષ સાથેના ડામર, સ્ટીલ તથા સીમેન્ટના ભાવોને જે તે માલસામાનના સ્ટાર રેટ તરીકે લેવા બાબતે સૂચના આપેલ હતી.ડામરનાં ભાવોમાં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય બજારમાં થતા ફેરફારને કારણે ભાવમાં વધારો/ઘટાડો થતો હોય છે. જો આ ભાવમાં ફેરફાર થવાને કારણે ઇજારદાર ટેન્ડર ભરતી વખતે આ માલસામાનના

Scanned with CamScanner

પ્રવર્તમાન ભાવોમાં સંભવિત વધારાને ગણતરીમાં લઇ ટેન્ડરમાં ઊંચા ભાવ ન ભરે અને આ માલસામાનનાં ભાવોમાં બજાર ભાવમાં થતાં ફેરફાર સામે સંરક્ષણ મળે તે હેતુથી ટેન્ડરમાં ડામરનો ભાવ તફાવત ચુકવવાની જોગવાઇ રાખવામાં આવે છે. આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, ડી.ટી.પી.માં માલસામાનના ભાવ પ્રવર્તમાન ટેક્ષ સાથેના જ લેવાના રહેશે. તેમજ ડામરકામ માટે ભાવ તફાવતને ગણતરી માટે જે તે વખતે એસ્સાર જેવી ખાનગી કંપનીનાં ટેક્ષ સાથેનાં ઇજારદારનાં ખરીદ ભાવ કે આયાતી ડામરનાં કિસ્સામાં ભારતીય બંદર ઉપરથી ટેક્ષભાવનાં ખરીદ ભાવ અથવા તે સમયનો ભારત સરકારનાં જાહેર સાહસ I.O.C., H.P. વિગેરેનો ટેક્ષ સાથેનો ભાવ એ પૈકી જેનો ભાવ સૌથી ઓછો હોય તેની સાથે એક્સ. રીફાઇનરીનો ભાવ પૈકી જે ભાવ સૌથી ઓછો હોય તેની સાથે સ્ટાર રેટ્નો ભાવ ગણીને તફાવત ચુકવવાનો/વસુલવાનો રહેશે.

(એ.એન. મિસ્ત્રી)
ખાસ ફરજ પરના અધિકારી(વિ.યો.),
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,
- સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ, (રાજય / પંચાયત / રા.ધો./પા.યો./શહેર મા.મ. સહિત)

નકલ રવાના:
- સર્વે કાર્યપાલક ઇજનેરશ્રી, (રાજય / પંચાયત / રા.ધો./પા.યો. સહિત)
- વિભાગના દરેક તાંત્રિક અધિકારીઓ.
- વિભાગની દરેક તાંત્રિક શાખાઓ.
- નાણા શાખા, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીલેકટ ફાઇલ ૨૦૨૦
- ના.સે.અ.શ્રી સીલેકટ ફાઇલ ૨૦૨૦
- ગુજરાત કોન્ટ્રાકટર્સ એશોસીએશન,અમદાવાદ

Scanned with CamScanner

ટેન્ડર માટે વાટાઘાટોની ... 
નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
ક્રમાંકઃ એસ/૨૨/૨૦૧૭/૬૩૯/ડ.
તા.૦૮/૦૬/૨૦૧૮

આમુખઃ-

માર્ગ અને મકાન વિભાગનાં વિવિધ કામો માટે જાહેર નિવિદાથી ટેન્ડર માંગવામાં આવે છે. ક્યારેક ઈજારદારે ભરેલ ટેન્ડરના ભાવ જે તે વિસ્તારમાં ટેન્ડર મંજુરીના નિર્ણય કરવાના સમયે તે સમયે જે તે ટેન્ડરના કામના વિસ્તારમાં મંજુર થયેલ અન્ય ટેન્ડરની સરખામણીમાં ઉંચા જણાય તેવા સંજોગોમાં ઈજારદારને વાટાઘાટ માટે બોલાવવામાં આવે છે. ક્યારેક જેતે ટેન્ડર ભરનાર ઈજારદાર વારંવાર વાટાઘાટની તારીખ અને સમય ફાળવ્યાબાદ સક્ષમ અધિકારી પાસે વાટાઘાટ માટે આવતા નથી / વેલીડીટી લંબાવી આપતા નથી. તેમજ વેલીડીટી પીરીયડ પુરો થાય ત્યાં સુધી પોતે વાટાઘાટ કરવા માંગતા નથી તે પ્રકારનો પત્ર પણ આપતા નથી તે કારણોસર ટેન્ડરની વેલીડીટી પુર્ણ થવાથી ટેન્ડર ફરીવાર માંગવાની જરૂરીયાત ઉપસ્થિત થાય છે. જેના કારણે પ્રજાલક્ષી કામોમાં વિલંબ પણ થાય છે. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબનો પરિપત્ર કરવામાં આવે છે.

પરિપત્રઃ-

ટેન્ડર મંજુરીની દરખાસ્ત કરતી સમયે જે તે ક્ષેત્રિય કચેરીમાંથી જે તે વિસ્તારનાં સમાન પ્રકારનાં છેલ્લા છ માસમાં મંજુર થયેલ કામોની વિગતો સાથે કેટલી રકમ સુધીનું ટેન્ડર મંજુર કરવા પાત્ર રહે છે. તે વિગત સાથે દરખાસ્ત કરવાની રહેશે. ઈજારદારને ટેન્ડર વેલીડીટી તેમજ ટેન્ડર મંજુરીનો સમયગાળો ધ્યાનમાં લઇ વધુમાં વધુ ત્રણ વખત વાટાઘાટ માટે જાણ કરવામાં આવશે. જો ઈજારદાર વાટાઘાટ કરવા માંગતા ન હોય તો તેમણે વાટાઘાટની સુચના મળ્યાબાદ તરતજ તેઓ વાટાઘાટ કરવા માંગતા નથી તે મુજબનો પત્ર પાઠવવાનો રહેશે. જો ઈજારદાર ટેન્ડરની વેલીડીટી પુર્ણ થવાના સમયગાળા સુધીમાં પણ આ પ્રકારનો પત્ર પાઠવશે નહીં અથવા વાટાઘાટ કરશે નહીં તો તેમનું ટેન્ડર રદ ગણવામાં આવશે અને તેમની બાનાની રકમ જપ્ત કરવામાં આવશે તેમજ ઈજારદાર પર શિક્ષાત્મક કાર્યવહી હાથ ધરવામાં આવશે. આ પરિપત્રની તારીખથી Notice Inviting Tenders માં નીચે મુજબની વધારાની વિગત ઉમેરવાની રહેશે.

If found necessary, contractor will be intimated for negotiation. He will be intimated maximum three times within validity period for negotiation. If contractor does not respond in time, his earnest money will be forfeited and his tender will be rejected. Punitiative action will be taken on such contractor.

(એ.એન.મિસ્ત્રી)
ઉપસચિવ (રા.ર.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

(પા.છ.બા)

Scanned with CamScanner